


# આહ્‌વાન

**A Monthly Bulletin of Shahpur Methodist Church**



Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email : revrajuparmar@gmail.com — Pastor : Rev. Raju N. Parmar

Visit us at : www.shahpurmethodistchurch.com — (M) 8238260259



વર્ષ - ૫૬ — જૂન - ૨૦૨૬ — પત્ર - ૧૫૪


## ફાધર્સ ડે




ખ્રિસ્તમાં વ્હાલા ભાઈઓ અને બહેનો,

પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં પ્રેમી સલામ,

જૂન માસનો ત્રીજો રવિવાર ફાધર્સ ડે તરીકે ઉજવવામાં આવે છે. નિર્ગમન ૨૦:૧૨, 'તારા બાપનું તથા તારી માનું તું સન્માન રાખ કે, તારો દેવ યહોવા જે દેશ તને આપે છે તેમાં તારું આયુષ્ય દીર્ઘ થાય.' પિતાના પ્રેમ, બલિદાન, સમર્પણ અને યોગદાનને સન્માન આપવા માટે ઉજવવામાં આવતો એક ખાસ દિવસ છે. પિતા ઘરનું અસ્તિત્વ છે, પિતા કુટુંબના મજબૂત આધારસ્તંભ છે, પિતા પોતાના પરિવારના સુખ, સુરક્ષા, સમૃદ્ધિ અને ઉજ્જવળ ભવિષ્ય માટે સતત મહેનત કરે છે. માતા-પિતા બાળકોના આદર્શ હોય છે. પિતા માત્ર આર્થિક જવાબદારીઓ કે કુટુંબનું ભરણ પોષણ કરવું એટલું જ નહિ પણ બાળકોમાં ઉત્તમ સંસ્કાર, શિસ્ત, પ્રમાણિકતા, મહેનત કરવી, જવાબદારી નિભાવવી જીવનના મહત્ત્વના મૂલ્યો શીખવે છે. પિતા બાળકોના મુશ્કેલ સમયમાં માર્ગદર્શક બને છે. માતા-પિતાથી સારા કોઈ માર્ગદર્શક હોઈ શકે નહિ. પોતાના બાળકોના સ્વપ્ન સાકાર કરવા માટે એક પિતા અથાગ પ્રયત્ન, પરિશ્રમ અને પ્રાર્થના કરે છે. સ્વપ્ન બાળકોના હતા પણ તેને સાચી દિશા, દોરવણી આપવા માટે પિતાને દોડતા જોયા છે. પિતા એક દિવા સમાન છે જે બાળકોના જીવનને પ્રકાશિત કરવા માટે પોતાના જીવનનું સમર્પણ કરે છે. બાળકો જીવનમાં સફળતા પામે માટે માતા-પિતા સતત પ્રોત્સાહન, પ્રેરણા અને હિંમત પૂરા પાડે છે.

**ઈશ્વર પિતા :** જેમ બાપ પોતાના છોકરા પણ દયાળું છે તેમ યહોવા પોતાના ભક્તો પર દયાળુ છે. ગી.શા. ૧૦૩:૧૩, ઈશ્વરપિતા દયાળુ અને કૃપાળુ છે. તે કોપ કરવામાં ધીમા તથા કૃપા કરવામાં મોટા છે. ઈશ્વરપિતાની કૃપા તેના ભક્તો પર અનાદિકાળથી તે અનંતકાળ સુધી છે અને તેમનાં સંતાનના સંતાનોની સાથે પોતાનું વિશ્વાસુપણું કાયમ રાખે છે. ઈશ્વરપિતા આપણા દરેકના જીવનોમાં અનેકવિધ આશીર્વાદો આપે છે. ઈશ્વરપિતા વિશ્વને પોતાના નિયંત્રણમાં રાખે છે. તેઓ વિશ્વનું રક્ષણ કરે છે, નિભાવી રાખે છે, પૂરું પાડે છે. ઈશ્વરપિતાની ઈચ્છા સિવાય પાદડું પણ હાલતું નથી. આપણે આકાશી પિતાના કુટુંબના સભ્યો છીએ. ઈશ્વરપિતા સ્વર્ગ, પૃથ્વી અને આપણા સર્વના સર્જનહાર છે. તેઓ આપણા જીવનોને આશીર્વાદ, આનંદ અને અનુકંપાથી ભરી દે છે. પ્રભુ ઈસુ ખ્રિસ્ત વધસ્તંભ ઉપર હતા. લૂક ૨૩:૩૪માં ઈસુએ કહ્યું, હે બાપ તેઓને માફ કર કેમ કે તેઓ જે કરે છે તે તેઓ જાણતાં નથી. ઈસુ ખ્રિસ્તે ઈશ્વરને પિતા તરીકે સંબોધન કરી પ્રાર્થના કરે છે. આપણે સર્વ ઈશ્વરપિતાના બાળકો છીએ. ઈશ્વરપિતા આપણને પ્રેમ કરે છે, આપણા જીવનોને આશીર્વાદિત કરે છે.

**પિતાઓ માટે પ્રભુના વચનો :** પુનર્નિયમ ૬:૬-૯ અને આજે વચનો હું આજે તને ફરમાવું છું તે તારા અંતઃકરણમાં ઠસી રહે અને તે તું ખંતથી તારાં છોકરાને શીખવ, ને જ્યારે તું ઘરમાં બેઠો હોય, ને જ્યારે તું રસ્તે ચાલતો હોય, ને જ્યારે તું સૂઈ જાય ને જ્યારે તું ઊઠે, ત્યારે તે વિષે વાત કર અને તું તેમને નિશાની તરીકે તારે હાથે બાંધ, ને તારી આંખોની વચ્ચે તેમને કપાળભૂષણ તરીકે રાખ અને તું તેમને તારાં ઘરની બારસાખો ઉપર તથા દરવાજા ઉપર લખ. માતા-પિતા તરીકે આપણા બાળકોને પવિત્રશાસ્ત્ર બાઈબલના વચનોમાં, વિશ્વાસમાં, સંગતમાં ઉછેરવાની મોટી જવાબદારી છે. જો આપણે આપણાં બાળકોને ઈશ્વરના પવિત્ર વચનોનું શિક્ષણ નહિ આપીએ, તો શેતાન તેમનાં હૃદયને આ જગતનાં જૂઠાણાં અને અસત્યથી ભરી દેશે. ઈશ્વરપિતાના પવિત્ર વચનો આપણા બાળકોને શીખવીએ, તેમને પાળવાનું શીખવીએ અને ઈશ્વરપિતાની સંગતમાં રહેવાનું શીખવીએ. ઈશ્વરપિતા આપણા બાળકોના જીવનોને આશીર્વાદિત કરશે.

ઈશ્વરપિતાના જીવંત વચનો દૈનિક જીવનમાં માતા-પિતાનું સન્માન કરવાની આજ્ઞા આપે છે. નીતિવચનો ૨૩:૨૫, તારા બાપને તથા તારી માને ખુશ રાખ. અને તારી જનેતાને હરખ પમાડ. આપણા બાળકો ઈશ્વરપિતાના પ્રેમ, વિશ્વાસ અને ઓળખમાં વૃદ્ધિ પામે. તે ખૂબ જરૂરનું છે. કેમ કે બાળકો તો ઈશ્વરનું આપેલું ધન છે. નીતિવચન ૨૩:૨૪. નેકીવાન દીકરાનો બાપ ઘણો હરખાશે, અને જે શાણો છોકરો હશે તે તેના જન્મ દેનારને આનંદ આપશે. નીતિવચન ૧:૮. મારા દીકરા તારા બાપની શિખામણ સાંભળ અને તારી માનું શિક્ષણ તજીશ મા. માતા-પિતાએ બાળકોને ઈશ્વરના વચનોમાં કેળવવા જોઈએ. એફેસી ૬:૧-૪. છોકરાં પ્રભુમાં તમારાં માબાપની આજ્ઞાઓ માનો, કેમ કે એ યથાયોગ્ય છે. તારા બાપનું તથા તારી માનું સન્માન કર. તે પહેલી વચનયુક્ત આજ્ઞા છે. એ સારું કે તારું કલ્યાણ થાય, અને પૃથ્વી પર તારું આયુષ્ય લાંબુ થાય. વળી, પિતાઓ તમારા છોકરાંને ચીડવો નહિ. પણ પ્રભુના શિક્ષણમાં તથા બોધમાં તેઓને ઉછેરો.

આપણા પિતાએ આપણને ઉત્તમ જીવન મળે માટે જીવનમાં ઘણો સંઘર્ષ કર્યો છે ત્યારે આવો આપણે આપણા પિતાના ત્યાગ, બલિદાન અને સમર્પણને યાદ કરતાં તેમની કદર કરીએ. તેમને માન-સન્માન આપીએ. આ ફાધર્સ ડે આપણા દરેક માટે ખૂબ જ આશીર્વાદિત બની રહો. આમેન.

## ગત માસનાં કાર્ય તરફ દ્રષ્ટિપાત : મે -૨૦૨૬

- તા. ૩-૫-૨૦૨૬, ભજનસેવામાં મળ્યા. પ્રભુ ભોજન પળાવવામાં આવ્યું. ડિસ્ટ્રીક્ટ કોન્ફરન્સમાં હાજરી આપી.
- તા. ૬-૫-૨૦૨૬, પાલડી વિસ્તારમાં શ્રી પ્રશાંતભાઈ એસ. ક્રિશ્ચિયનના ઘરે મિટીંગ માટે મળ્યા હતા.
- તા. ૧૦-૫-૨૦૨૬, માતૃદિન સન્ડે તરીકે ઉજવવામાં આવ્યો. ભજનસેવાનુંલિડીંગ મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી મંદાકીનીબહેન એલ. પેલમોરે કર્યું હતું અને શ્રીમતી ડૉ. સુનંદાબેન પી. મેકવાને પ્રભુના વચનોનું મનન કરાવ્યું હતું. માતૃદિન નિમિત્તે બાળકોએ ગુલાબનું ફૂલ આપી માતૃશ્રીઓનું બહુમાન કર્યું હતું. માતૃશ્રીઓને સ્કાર્ફ ભેટ સ્વરૂપે આપવામાં આવ્યા હતા. માતૃશ્રીઓ માટે પ્રોત્સાહનના શબ્દો કહેવામાં આવ્યા હતા. અમેરિકામાં વસતા શ્રી સુનિલભાઈ શાંતિલાલ સોલંકી - શ્રીમતી સુશીલાબેન એસ. સોલંકી, તેમનો દીકરો શ્રી ડૉ. જેકબ એસ. સોલંકીએ યુ.એસ.એ.માં ડૉક્ટરેટની ડિગ્રી મેળવી તેની ખુશીમાં શ્રી સુનિલભાઈ સોલંકીના કુટુંબ તરફથી પ્રિતીભોજન રાખવામાં આવ્યું હતું. આભાર. શ્રી વિક્ટરભાઈ મેકવાને પ્રિતીભોજનની સર્વ વ્યવસ્થા સંભાળી હતી. આભાર.
- તા. ૧૫ થી ૧૭-૫-૨૦૨૬, માનવંત બિશપ ડૉ. એ. સિમયોન સાહેબની રાહબરીમાં ગુજરાત રીજીનલ કોન્ફરન્સનું ૩૮મું અધિવેશન ગોબલજ મુકામે મળ્યું હતું. જે આશીર્વાદિત રહ્યું હતું. આ અધિવેશનમાં શ્રી ફ્રાન્સિસભાઈ એફ. ગોહેલે ડેલીગેટ તરીકે ભાગ લીધો હતો.
- તા. ૧૭-૫-૨૦૨૬, ભજનસેવાનું લિડીંગ કુ. શાલીન એસ. ગામડિયાએ કર્યું હતું અને શ્રીમતી યાચનાબેન એસ. ક્રિશ્ચિયને પ્રભુના વચનોનું મનન કરાવ્યું હતું. આભાર.
- તા. ૨૪-૫-૨૦૨૬, ભનજસેવામાં પચાસમાના દિન તરીકે ઉજવવામાં આવ્યો. પચાસમાના દિન આધારિત મનન કરાવવામાં આવ્યું હતું. પાસ્ટોરેટ કમિટીની અર્પણવિધિ અને પ્રાર્થના કરવામાં આવી હતી. સાંજે અમદાવાદ પાળક મંડળ દ્વારા પચાસમાના દિને એકતા પર્વ તરીકે ઉજવવામાં આવ્યું હતું. મંડળીના ભાઈઓ અને બહેનોએ આ મિટીંગમાં હાજરી આપી હતી.
- તા. ૩૧-૫-૨૦૨૬, ભજનસેવા બાદ સન્ડેસ્કૂલના બાળકોની પરીક્ષા લેવામાં આવી હતી. એમ.વાય.એફ.ની સંગતમાં મળ્યા હતા. સાંજે અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટ દ્વારા આવકાર વિદાયનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.
- દર શુક્રવારે રાત્રે ૮:૦૦ કલાકે બાઈબલ અભ્યાસ અને પ્રાર્થના સંગતમાં મળ્યા હતા.

## BIRTHDATE IN JUNE

| | | | |
|---|---|---|---|
| ૧/૬ | હેમલત્તાબહેન એસ. વાઘેલા | ૨૦/૬ | લિન્યસભાઈ એસ. પેલમોર |
| ૨/૬ | શ્રેયા પી. અમીન | ૨૧/૬ | જોસફભાઈ એ. ક્રિશ્ચિયન |
| ૩/૬ | સ્મિતાબહેન જે. ક્રિશ્ચિયન | ૨૧/૬ | વેનિસા વી. રાઠોડ |
| ૩/૬ | ભારતી એ. ક્રિશ્ચિયન | ૨૧/૬ | કેરોલ ફિલીપ રાઠોડ |
| ૫/૬ | ખ્રિસ્તી મેરેલીન ઈમાનુએલ | ૨૨/૬ | સારાહબહેન એફ. ટેલર |
| ૬/૬ | બ્રાયન ડી. મેકવાન (U.S.A.) | ૨૨/૬ | યશ એસ. ક્રિશ્ચિયન |
| ૧૧/૬ | સુજન નોએલ ક્રિશ્ચિયન | ૨૨/૬ | જોની ડી. ચૌહાણ |
| ૧૬/૬ | સિલીયાબહેન એસ. મેકવાન | ૨૪/૬ | પ્રતિક્ષા એન. પરીખ |
| ૧૬/૬ | તનય એસ. વાઘેલા | ૨૭/૬ | ઓનિલ એ. પેટ્રિક |
| ૧૭/૬ | ખ્રિસ્તી મોનીકા ઈમાનુએલ | ૨૯/૬ | ડીક્સન એ. હેરી |
| ૨૦/૬ | ચિરાગભાઈ જી. વરસડા | ૩૦/૬ | સુનંદાબહેન વી. મેકવાન |
| ૨૦/૬ | ઈન્દુબહેન કે. વિશ્રામ | | |

## પાળક મારફતે મળેલ બર્થડે અને આભારસ્તુતિના દાનો

| | | |
|---|---|---|
| વેલેન્ટીનાબેન એફ. ગોહેલ | બર્થડે | ૫૦૦ |
| આર્નોન થોમસભાઈ ક્રિશ્ચિયન | આ.સ્તુ. | ૧૦૦૦ |
| સુનંદાબેન વિક્ટરભાઈ મેકવાન | આ.સ્તુ. | ૧૦૦૦ |
| શૉન સેરીલ ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ઉર્મિલાબેન આર. સોલંકી | બર્થડે | ૫૦૦ |
| નિકીતા નેવિલ દરજી તરફથી | | |
| દીકરી માયરાના જન્મ નિમિત્તે | આ.સ્તુ. | ૫૦૦ |
| એની એ. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ડૉ. જેકબ સુનિલભાઈ સોલંકી અને | | |
| શ્રીમતી સુશીલાબેન સુનિલભાઈ સોલંકી | | |
| યુ.એસ.એ. તરફથી | આ.સ્તુ. | ૨૫૦૦૦ |
| શરદભાઈ જે. માસ્ટર | બર્થડે | ૫૦૦ |
| આન્યા એ પેટ્રીક | બર્થડે | ૨૫૦ |
| રીટાબેન જે. કીન | આ.સ્તુ. | ૨૦૦૦ |
| ક્રિસ્ટીના એફ. ગોહેલ | બર્થડે | ૫૦૦ |
| મંજુલાબેન એસ. ખ્રિસ્તી | આ.સ્તુ. | ૩૦૦ |
| રેવ. રાજુ એન. પરમાર | બર્થડે | ૫૦૦ |
| સ્વ. જયંતભાઈ દાસ અને | | |
| સ્વ. જીજ્ઞેશભાઈ દાસના સ્મરણાર્થે | આ.સ્તુ. | ૧૦૦૦ |
| નલીનભાઈ આર. ક્રિશ્ચિયન | બર્થડે | ૧૦૦૦ |

## મહિલા મંડળનો અહેવાલ

આપણી મંડળીમાં મહિલામંડળ દ્વારા તા. ૧૦-૫-૨૦૨૬ના રવિવારે માતૃદિનની ઉજવણી કરવામાં આવી હતી.

માતૃદિન નિમિત્તે સ્થાનિક મહિલામંડળના પ્રમુખ શ્રીમતી મંદાકિનીબેને પાળકસાહેબ રેવ. રાજુ પરમાર સાહેબના માર્ગદર્શન મુજબ લિડીંગ કર્યું હતું. માતૃદિન વક્તા ડૉ. સુનંદાબેન પી. મેકવાન દ્વારા ઉત્તેજનદાયક સંદેશો આપવામાં આવ્યો હતો.

માતૃદિન નિમિત્તે બાળકોએ ગુલાબનું ફૂલ માતાઓને આપી સન્માન કર્યું હતું. આ વખતે માતૃદિન દિવસે બહેનોને સ્કાર્ફ ભેટ સ્વરૂપે આપવામાં આવ્યા હતા. જે બહેનોએ પોતાની માતાઓ માટે સન્માનનીય રજૂઆત કરી તેમનો આભાર.

આ દિવસે અમેરિકામાં વસતા શ્રી સુનિલભાઈ સોલંકી તરફથી તેમના પુત્ર જેકબ સુનિલભાઈ સોલંકીને ડૉક્ટરેટની ડિગ્રી પ્રાપ્ત થઈ તે બદલ પ્રીતિભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. આભાર.

શ્રીમતી અલ્પાબેન, વડીલ શ્રીમતી કમળાબેન, શ્રીમતી અરૂણાબેન, શ્રીમતી મોનિકાબેન પેટ્રીક અને શ્રીમતી સ્મિતલત્તાબેન તથા મહિલામંડળના સર્વ બહેનોના સાથ, સહકાર માટે સર્વનો આભાર માનું છું.

**પ્રમુખ, શ્રીમતી મંદાકિની એલ. પેલમોર**

**અભિનંદન :** ધોરણ-૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પાસ થયા માટે અભિનંદન સહ શુભેચ્છા પાઠવવામાં આવે છે.



**ફાધર્સ ડે**

તા. ૨૧-૬-૨૦૨૬, ફાધર્સ ડે સન્ડે તરીકે ઉજવવામાં આવશે.

